જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૪/૦૩/૨૦૨૩  શનિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૩૯૦/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૦ કેસ કરી, ૫૯ વ્યક્તિઓને ઝડપી, ૭૧૮ લીટર દેશી દારૂ, ૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ બિયર ટીન અને ૨ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૫,૮૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૩૯૧/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ-  સમાચાર યાદી નં.૩૯૨/૨૦૨૩

**ગુજરાત યુનિવર્સિટીઃ** આશીલ બિપીનભાઇ શાહ (ઉ.વ.૩૫) (રહે. બિમાનગર સોસાયટી શિવરંજની ચાર રસ્તા પાસે સેટેલાઇટ) એ તા.03/03/૨૦૨૩ ના રોજ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે ઓગષ્ટ/૨૦૨૧ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આશીલ બિપીનભાઇ શાહ એ યશ રાજેશકુમાર અગ્રવાલ (રહે. આનંદ મિલન ટાવર શાહીબાગ) એ ભેગા મળી ભાગીદારીમાં નવરંગપુરા ગુલબાઇ ટેકરા એટલાંટા ટાવરની સામે ગ્રાઉન્ડ ફ્લોર હેરીટેજ સ્ક્વેર “એ” વીંગ ASCO લાઉન્જ એન્ડ મોર રેસ્ટોરન્ટ ચાલુ કરી હતી. જેમાં યશ રાજેશકુમાર અગ્રવાલે ખરીદીની ખોટી વિગતો દર્શાવી કુલ રૂપિયા ૭,૩૪,૦૦૦/- મેળવી લઇ વિશ્વાસઘાત તથા છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વિ.જે.જાડેજા ચલાવે છે.

**ક્રાઈમ બ્રાન્ચઃ** ગોપાલ દેવેન્દ્રકુમાર માહેશ્વરી (ઉ.વ.૪૬) (રહે. શાંન્તમ ટાવર સિવિલ હોસ્પિટલ પાછળ શાહીબાગ) એ તા.૦૩/૦૩/૨૦૨૩ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે ગોપાલ માહેશ્વરી કાપડનાં માલનો ધંધો કરતા હોઈ તા.૨૮/૦૧/૨૦૨૧ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) સંદિપ અમોદ ઝા તે પ્રોપરાઇટર રેટઝેન રિટેઇલ પ્રા.લી. ૩૦૯, સાગર ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, પ્રભાત ઇન્ડ એન્ડ રેસ.કોમ્પલેક્ષ, દહીસર ટોલ પ્લાઝા પાસે, દહીસર(પુર્વ), મુંબઇ મહારાષ્ટ્ર) (રહે. રમાબાઇ એપાર્ટમેન્ટ, તુલશીદાશ એપાર્ટમેન્ટ નજીક, ભાઇન્દર (ઇસ્ટ) મુંબઇ) અને (૨) શરદ આનંદભાઇ મેન્ડન (રહે. ડેફોડીલ બિલ્ડીંગ, રેજન્સી અનંતમ કલ્યાણશીલ રોડ ડોમ્બીવલી ઇસ્ટ, મુંબઇ મહારાષ્ટ્ર) એ ભેગા મળી ગોપાલ માહેશ્વરીની ભાવના ટેક્ષટાઇલ કંપનીમાંથી ડેનીમ જીન્સનાં કાપડનો માલ કિમત રૂપિયા ૮૭,૯૮,૫૨૭/- ખરીદી કરી નાણા નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ આર્થિક ગુના નિવારણ શાખા યુનિટ-૪ ક્રાઇમ બ્રાન્ચ પો.સ.ઇ.શ્રી ડી.ડી.સોલંકી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૩૯૩/૨૦૨૩**

**અમરાઈવાડીઃ** જયંતિલાલ ચુનીલાલ ચૌહાણ (રહે. માધવપાર્ક રો-હાઉસ પાલનપુર જકાતનાકા સુરત) એ તા.૦૩/૦૩/૨૦૨૩ ના રોજ અમરાઈવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૦૨/૨૦૨૩ સાંજના ૬/૧૫ વાગ્યાના સુમારે પત્ની સાથે સીટીએમ એક્સપ્રેસ હાઇ-વે થી નાગરવેલ ચાર રસ્તા સુધીની શટલ ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન રીક્ષા ચાલકની મદદગારીથી રિક્ષામાં બેઠેલ ત્રણ પુરૂષોએ જયંતિલાલ ચૌહાણની પત્નીની નજર ચુકવી બેગમાંથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૩૧,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૧૧,૦૦૦/- મતાની ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એસ.ગોસ્વામી ચલાવે છે.

**રાણીપઃ** પ્રતિક શાંતિલાલ પટેલ (રહે. યોગીરાજ સોસાયટી સિવીક સેન્ટરની બાજુમાં રાણીપ) એ તા.૦૩/૦૩/૨૦૨૩ ના રોજ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૩/૨૦૨૩ રાતના ૧૧/૩૦ થી તા.૦૨/૦૩/૨૦૨૩ સવારના ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં બારી નજીક મુકેલ મોબાઈલ ફોન નંગ-૩ અને રોકડ રૂપિયા ૫૦૦૦/- મળી કુલ રૂપિયા ૫૦,૦૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.આર.સોલંકી ચલાવે છે.

**નરોડાઃ** પિનાકીનભાઇ નટવરભાઇ પટેલ (રહે. કૃષ્ણકુંજ સોસાયટી નરોડા ગામ નરોડા) એ તા૦૩/૦૩/૨૦૨૩ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૧૨/૨૦૨૨ થી તા.૦૩/૦૩/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન ગેલેક્ષી આર્કેડના બેઝમેન્ટ પાર્કીંગમાં બેબીકેર હોસ્પિટલના ઓક્સીઝન પ્લાન્ટ પાસે ખુલ્લી જગ્યામાંથી ઓક્સીઝનના બાટલા નંગ-૫ કિમત રૂપિયા ૭૫,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.જી.ચૌધરી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૩૯૪/૨૦૨૩**

**રિવરફ્રંટ ઈસ્ટઃ** ભવરલાલ સ/ઓ વિરભાજી લુહાર (ઉ.વ.૭૦) (રહે. ચેહરનગર રબારીવાસ ચેહરમાતાના મંદીરની બાજુમાં સૈજપુર બોઘા નરોડા) એ અગમ્ય કારણસર તા.03/03/૨૦૨૩ સાંજના ૫/30 વાગ્યા પહેલા સુભાષબ્રીજની બાજુમાં રીવરફ્રન્ટ ગાર્ડન ગેટ નંબર-૧ પાછળ વોક-વે માં રીવરફ્રન્ટ ઘાટ નંબર-૪ નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કૃષ્ણસિહ બહાદુરસિહ ચલાવે છે.

**રામોલઃ** શિતલબહેન સુનિલભાઇ સોનાર (ઉ.વ.૪૮) (રહે. ગુજરાત હાઉસીંગ બોર્ડ બાપુનગર) એ બિમારીથી કંટાળી તા.03/03/૨૦૨૩ બપોરના 3/00 વાગ્યાના સુમારે એક્સપ્રેસ હાઈ-વે ડબલ ડેકર સી.ટી.એમ.બ્રિજ ઉપરથી પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કલ્પેશભાઇ મોહનભાઇ ચલાવે છે.

**નારોલઃ** રાજેન્દ્ર સાઇદાસ વંજારી (ઉ.વ.૪૮) (રહે. વિનોબાભાવેનગર વિંઝોલ ગામ તા.દસ્ક્રોઇ જી.અમદાવાદ) શ્રીનાથ એસ્ટેટમાં ગોડાઉન નંબર-૪૦ ખાતે કાપડનો ધંધો કરતા હોઈ અગમ્ય કારણસર તા.03/03/૨૦૨૩ બપોરના ૪/૪૫ વાગ્યાના સુમારે શ્રીનાથ એસ્ટેટમાં ગોડાઉનની ઓફિસમાં છતમાં લોખડની એંગલ સાથે કપડું બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ ભગવતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી